પોલીસ કમિશ્નરની કચેરી, અમદાવાદ શહેર.
શાહીબાગ,અમદાવાદ
વિશેષ શાખા, કચેરી ટેલીફોન નં-૦૭૯૨૫૬૩૩૪૦૦.
Email:Spl1-ahd@gujarat.gov.in

## -: જાહેરનામું :-

**ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ ના નં.૨) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ:**

ક્રમાંક: વિ.શા./જાહેરનામું/એ-સેકશન/પરમીટ/૩૨/૨૦૨૦

**વંચાણે લીધા:-**

(૧) ગૃહ મંત્રાલય ભારત સરકારના હુકમ નંબર: 40-3/2020-DM-I(A) તા.૨૯/૦૬/૦૨૦ ના તથા
(૨) ગુજરાત સરકારના હુકમ નં: જીજી/૩૭/૨૦૨૦/વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ તા.૩૦/૦૬/૨૦૨૦ આધારે

સમગ્ર દેશમાં COVID-19 ની અસરોને નિયંત્રિત કરવાના હેતુથી, આપત્તિ વ્યવસ્થાપન અધિનિયમ-૨૦૦૫ થી મળેલ સત્તા અન્વયે કેન્દ્રીય ગૃહ મંત્રાલયના તા.૨૪/૦૩/૨૦૨૦ ના હુકમ ક્રમાંક: : 40-3/2020-DM-I(A) થી સમગ્ર દેશમાં તા.૨૫/૦૩/૨૦૨૦ થી ૨૧ દિવસ સુધી આવશ્યક સેવાઓ સિવાયની તમામ સેવાઓ મોકુફ રાખવામાં આવેલ. ત્યારબાદ કેન્દ્રીય ગૃહ મંત્રાલયના વખતો વખતના હુકમથી આ અવધિ તા.૩૦/૦૬/૨૦૨૦ સુધી લંબાવવામાં આવેલ.

રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન ઓથોરીટી (N.D.M.A.) ના દિશાનિર્દેશ અનુસાર દેશના તમામ ભાગોમાં COVID-19 ના ફેલાવાને રોકવા માટે સમયાંતરે દિશાનિર્દેશો જારી કરવામાં આવી રહેલ છે.જે મુજબ MHA ના તા.૨૯/૦૬/૨૦૨૦ દ્વારા જારી કરવામાં આવેલ હુકમ અન્વયે, રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન ઓથોરીટી દ્વારા, આપત્તિ વ્યવસ્થાપન અધિનિયમ-૨૦૦૫ ની કલમ 6(2)(i) ની જોગવાઇ હેઠળ, કન્ટેન્ટમેન્ટ ઝોનમાં તા.૩૧/૦૭/૨૦૨૦ સુધી લોકડાઉનની અવધિ લંબાવવામાં આવેલ છે, તથા કન્ટેન્ટમેન્ટ ઝોન સિવાયના વિસ્તારોના માર્ગદર્શક સુચનાઓ અનુસાર નિયત પ્રવૃતિ ચાલુ રાખવા હુકમ કરવામાં આવેલ છે.

આ નિર્દેશોના આધારે, હું આશીષ ભાટિયા,પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા.૦૮/૧૧/૧૯૮૨ ના નોટીફીકેશન નં.જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/એમ તથા ગૃહ વિભાગના તા.૦૭/૦૧/૧૯૮૯ ના સંકલીત જાહેરનામાં નં.જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને-૧૯૭૩ (૧૯૭૪ના નં.૨) ની કલમ-૧૪૪ મુજબ તા.૦૧/૦૭/૨૦૨૦ ના કલાક ૦૦/૦૦ વાગ્યાથી તા.૩૧/૦૭/૨૦૨૦ ના કલાક ૨૪/૦૦ વાગ્યા સુધી જાહેરનામું પ્રસિધ્ધ કરી નીચે મુજબ હુકમ કરૂ છું:

**-:હુકમ:-**

1. રાત્રિના ૧૦/૦૦ થી સવારના ૦૫/૦૦ (૭ કલાક ) વાગ્યા સુધી કરફ્યુ અમલમાં રહેશે.

પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર

Scanned by CamScanner

2. કન્ટેનમેન્ટ ઝોન/ માઇક્રો કન્ટેનમેન્ટ ઝોનમાં ફકત આવશ્યક સેવાઓને સવારના ૦૭/૦૦ વાગ્યાથી સાંજના ૦૭/૦૦ વાગ્યા દરમ્યાન મંજુરી આપવામાં આવે છે.
3. કન્ટેનમેન્ટ ઝોન/ માઇક્રો કન્ટેનમેન્ટ ઝોનની બહાર તમામ પ્રકારની આર્થિક પ્રવૃતિઓને મંજુરી આપવામાં આવે છે.( નીચે જણાવેલ નેગેટીવ યાદી મુજબની પ્રવૃતિઓ સિવાય)
4. દુકાનો રાત્રિના ૦૮/૦૦ વાગ્યા સુધી તથા રેસ્ટોરન્ટ/ આહારગૃહને રાત્રિના ૦૯/૦૦ વાગ્યા સુધી જ ખુલ્લા રાખવા મંજુરી છે.
5. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ-ભારત સરકાર દ્વારા જારી કરવામાં આવેલ માર્ગદર્શકોને ધ્યાનમાં રાખીને અ.મ્યુ.કો. તથા જિલ્લા સત્તાધિકારીઓ દ્વારા કન્ટેનમેન્ટ ઝોનનું સિમાંકન કરવામાં આવશે.આ કન્ટેનમેન્ટ ઝોનની માહિતી અ.મ્યુ.કો./ જિલ્લા મેજિસ્ટ્રેટની વેબસાઇટ ઉપર પ્રદર્શિત કરવામાં આવશે.
6. કન્ટેનમેન્ટ ઝોન/ માઇક્રો કન્ટેનમેન્ટ ઝોનમાં જે કામદારો/ કર્મચારીઓ/ દુકાનદારોના ઘર/ મકાન આવેલ હશે તેઓને કન્ટેનમેન્ટ ઝોન/ માઇક્રો કન્ટેનમેન્ટ ઝોન વિસ્તાર છોડવાની મંજુરી આપવામાં આવશે નહિ.
7. GSRTC બસ સેવાઓને મંજુરી આપવામાં આવે છે તથા અમદાવાદ શહેરમાં પુર્વ નિર્ધારિત બસ ડેપો ઉપરથી બસ સેવાઓ ચાલું રહેશે.
8. સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ અને સ્ટેડીયમ ખોલવાની પરવાનગી આપવામાં આવશે; તેમછતાં, દર્શકો અને લોકોને મોટી સંખ્યામાં એકત્રિત થવાની પરવાનગી આપવામાં આવશે નહિ. ટી.વી.પ્રસારણ ઉપર કોઇ પ્રતિબંધ નથી.
9. વર્તમાન તબક્કે નીચે જણાવેલ પ્રતિબંધો સાથે એક્જીટ પ્લાનમાં નીચે મુજબની પ્રવૃતિઓમાં છુટછાટ આપવામાં આવશે.જો કે સદર યાદીની સમયાંતરે સમીક્ષા કરવામાં આવશે.

| અ.નં | પ્રવૃત્તિઓ | કન્ટેન્ટમેન્ટ ઝોન સિવાયના વિસ્તાર માટે |
|---|---|---|
| ૧ | તમામ શૈક્ષણિક , તાલીમ, સંશોધન, કોચિંગ સંસ્થાઓ. | ના( તેમ છતાં, વહીવટી કચેરીઓને પરવાનગી આપવામાં આવશે). |
| ૨ | સીનેમા હોલ, જીમ, સ્વીમીંગ પુલ, આનંદપ્રમોદના સ્થળો, બાર, ઓડીટોરીયમ, સભા ગૃહો અને સમાન પ્રકારના સ્થળો | ના |
| 3 | સામાજિક/ રાજકીય/ રમત-ગમત/ મનોરંજન/ શૈક્ષણિક/ સાંસ્કૃતિ/ ધાર્મિક પ્રસંગો/ કાર્યો અને અન્ય મોટા એકત્રિકરણ. | ના<br><br>અંતિમ સંસ્કાર માટે માત્ર ૨૦ વ્યક્તિઓ સાથે પરવાનગી |

પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર

Scanned by CamScanner

| | | |
|---|---|---|
| | | લગ્ન માટે માત્ર ૫૦ વ્યક્તિ સાથે પરવાનગી |
| ૪ | હોટલ, અન્ય આતિથ્ય સેવા, રેસ્ટોરન્ટ, શોપીંગ મોલ | હા, તા.૦૮ જુનથી અમલી SOP પ્રમાણે |
| ૫ | બધા ધાર્મિક સ્થળો | હા. સામાજિક અંતર સાથે<br>તા.૦૮ જુનથી અમલી SOP પ્રમાણે. મોટી સંખ્યામાં જનમેદની/ કાર્યક્રમોને પરવાનગી નથી. |
| ૬ | ફેરીયાઓ | હા (ULB દ્વારા નિર્ધારીત કરેલા વિસ્તારોમાં SOP પ્રમાણે) |
| ૭ | પુસ્તકાલયો | ૬0% ક્ષમતા સાથે કાર્યરત |
| ૮ | GSRTC બસ સેવાઓ | હા |
| ૯ | શહેરી બસ સેવાઓ | હા, કન્ટેન્ટમેન્ટ ઝોનની બહાર ૫0% ક્ષમતા સાથે. |
| ૧૦ | ખાનગી બસ સેવાઓ | GSRTCની સમાન SOP મુજબ સંચાલન કરવાની પરવાનગી( ક્ષમતાની ૫0% બેઠક વ્યવસ્થા. ઉભા રહેવા પર પ્રતિબંધ) |
| ૧૧ | ઓટો રીક્ષાઓ | હા.( એક ડ્રાઇવર +બે પેસેન્જર ) |
| ૧૨ | કેબ, ટેક્ષીઓ, કેબ એગ્રીગેટર, ખાનગી વાહનો | હા.( એક ડ્રાઈવર+બે લોકો; જો બેઠક ક્ષમતા ૬ અથવા વધારે હોય તો એક ડ્રાઇવર + ત્રણ લોકોને પરવાનગી આપવામાં આવશે. ) |
| ૧૩ | દ્વિચક્રીય વાહનો | હા( ૧ +૧) |
| ૧૪ | ખાનગી ઓફિસો | સામાજિક અંતર સાથે પરવાનગી તેમ છતા, ઘરેથી કાર્ય કરવા પ્રોત્સાહન આપવું |
| ૧૫ | બેંકો | હા |

પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર

Scanned by CamScanner

| | | |
|---|---|---|
| ૧૬ | સરકારી કચેરીઓ | હા |

10. આંતર રાજય તથા રાજ્યની અંદરના વ્યક્તિ/વ્યક્તિઓની તથા ચીજવસ્તુઓની અવર-જવર તથા પડોશી દેશો સાથે આંતર રાષ્ટ્રીય સંધીઓ હેઠળ સીમા પાર વ્યાપાર ઉપર પ્રતિબંધ રહેશે નહિ; આ પ્રકારની ગતિવિધી માટે અલગથી મંજુરી/ સંમતિ/ E- પરમીટની પણ જરૂર રહેશે નહિ .

11. વલ્નરેબલ વ્યક્તિઓની સુરક્ષા :

૬૫ વર્ષથી વધુ ઉમરના વ્યક્તિઓ, રોગથી પીડાતી વ્યક્તિઓ, સગર્ભા સ્ત્રીઓ અને ૧૦ વર્ષથી નીચેની ઉંમરના બાળકોને અતિઆવશ્યક અને તબિબી કારણોસર જરૂર હોય તે સિવાયના ઘરે રહેવાની સલાહ આપવામાં આવે છે.

12. જાહેર જ્ગ્યાઓએ ; કાર્યસ્થળોએ અને મુસાફરી દરમ્યાન માસ્ક પહેરવું ફરજીયાત રહેશે. આ નિયમનું પાલન ન કરનારને નીચે મુજબની દંડની જોગવાઇ રહેશે:

- દંડ : આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા જારી કરવામાં આવેલ નોટીફિકેશન નં: GP/20/NCV/102020/SFS-1/G તા.૧૫/૦૬/૨૦૨૦ મુજબ જાહેર જ્ગ્યાઓએ ; કાર્યસ્થળોએ અને મુસાફરી દરમ્યાન માસ્ક ન પહેરનારને રૂપિયા ૨૦૦/- નો દંડ.
- દંડ : આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા જારી કરવામાં આવેલ નોટીફિકેશન નં: GP/20/NCV/102020/SFS-1/G તા.૧૫/૦૬/૨૦૨૦ મુજબ જાહેર જ્ગ્યાઓએ થુંકનારને રૂપિયા ૨૦૦/- નો દંડ.

13. MHA ના તા.૨૯/૦૬/૨૦૨૦ દ્વારા એનેક્ષર-૧ માં જારી કરવામાં COVID-19 વ્યવસ્થાપન અંગે રાષ્ટ્રીય નિર્દેશો પાલન કરવાનું રહેશે.

14. કેન્દ્રીય ગૃહ મંત્રાલય તથા ગુજરાત સરકારના વખતોવખતના હુકમોથી આપવામાં આવેલ આદેશો તથા માર્ગદર્શક સુચનાઓ આખરી રહેશે અને તમામે ચુસ્ત રીતે અમલા કરવાનો રહેશે.

## -:વિસ્તાર:-

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરેટ હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

## -:શિક્ષા:-

**આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ ની કલમ ૧૮૮, અને લાગુ અન્ય કાનૂની જોગવાઈઓ સહિત, The Disaster Management Act, 2005 ની કલમ ૫૧ થી ૬૦ ની જોગવાઈઓ મુજબ શિક્ષાને પાત્ર થશે.**

પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર

Scanned by CamScanner

## -:જાહેર વિજ્ઞાપન:-

હું આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારોમાં સહેલાઇથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલ ચોંટાડી, લાઉડ સ્પીકર વાહન દ્વારા તેમજ સ્થાનિક વર્તમાન પત્રો, આકાશવાણી અને દૂરદર્શન કેન્દ્રો ઉપરથી પ્રસિધ્ધ કરાવવું.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ હેડ.કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના કોઇ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ ની કલમ ૧૮૮, અને લાગુ અન્ય કાનૂની જોગવાઈઓ સહિત, **The Disaster Management Act, 2005** ની કલમ ૫૧ થી ૬૦ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૩૦/૦૬/૨૦૨૦ ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

(આશીષ ભાટિયા)
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

<u>નકલ સવિનય રવાના :-</u>

(૧) અગ્ર સચિવશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર, ગુજરાત સરકાર.
(૨) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૩) પોલીસ મહાનિદેશક અને મુ.પો.અધિ.શ્રી. ગુ.રા.ગાંધીનગર.
(૪) અધિક પો.મહાનિદેશકશ્રી (ઇન્ટે), ગુ.રા.ગાંધીનગર.
(૫) પોલીસ કમિશનરશ્રી સુરત, વડોદરા, રાજકોટ શહેર.
(૬) મ્યુનિસિપલ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.
(૭) નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી, દાણાપીઠ, અમદાવાદ શહેર.
(૮) કલેકટરશ્રી, અમદાવાદ શહેર.
(૯) નિયામકશ્રી માહિતી ખાતુ, ગુ.રા.ગાંધીનગર.
(૧૦) સંયુક્ત માહિતી નિયામકશ્રી બેરેક નં.૩, આંબાવાડી પોલીટેકનીક, અમદાવાદ શહેર.
(૧૧) રજીસ્ટ્રારશ્રી, હાઇકોર્ટ, ગુ.રા.અમદાવાદ શહેર.
(૧૨) રજીસ્ટ્રારશ્રી, સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર.
(૧૩) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ટ, મીરજાપુર, અમદાવાદ શહેર.
(૧૪) ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર.
(૧૫) સિનિયર સરકારી વકીલશ્રી, અમદાવાદ શહેર.
(૧૬) ખાસ/સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રી,સેકટર-૧,૨/ક્રાઇમ બ્રાન્ચ/મુખ્ય મથક/ટ્રાફીકશાખા,
(૧૭) મેનેજરશ્રી, ગવર્મેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેજેટ ભાગ-૧માં પ્રસિધ્ધ કરવા સારૂ તેમજ પાંચ નકલો અત્રે વિશેષ શાખાને મોકલી આપવી. અ.વાદ શહેર.



Scanned by CamScanner

(૧૮) તમામ નાયબ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.

(૧૯) નાયબ પોલીસ કમિશનરશ્રી(ઇન્ટે.), અમદાવાદ શહેર.

(૨૦) તમામ મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ, અમદાવાદ શહેર.

(૨૧) જનસંપર્ક અધિકારીશ્રી, (સ્થાનિક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરવા )

(૨૨) તમામ પો.ઇન્સ.શ્રીઓ અમદાવાદ શહેર.(જાહેર જગ્યાઓએ નકલો ચોંટાડી લાઉડ સ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂં)

(૨૩) મ.પો.કમિ.શ્રી એસ.ઓ.જી.,અમદાવાદ શહેર.

(૨૪) પો.ઇન્સ.શ્રી રેલ્વે એસ.ઓ.જી, કાલુપુર રેલ્વે. સ્ટેશન, અમદાવાદ શહેર.

(૨૫) પો.ઇન્સ.શ્રી અમદાવાદ રેલ્વે પો.સ્ટે.

(૨૬) પો.સબ.ઇન્સ.શ્રી સાબરમતી રેલ્વે પો.સ્ટે.

(૨૭) **PRO, C.P. Ahmedabad website, twitter handle, Facebook page** વિગેરે **Social Media** ઉપર પ્રસિધ્ધ થવા બાબત

પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર

Scanned by CamScanner